# હવે તો જાગો

(હવે નહિ જાગો તો ક્યારે જાગશો ?)

## ○ તપપદને પૂજીજે ○

○ લેખક ○


**શ્રી પ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા**

તપોવન સંસ્કારપીઠ, અમદાવાદ

પો. સુઘડ, જિ. ગાંધીનગર

મો. 87990 59569

# તપપદને પૂજીજે

જૈન સંઘમાં તપનો મહિમા અપરંપાર છે.

નાના નાના બાળક-બાળિકાઓ માસક્ષમણ-સિદ્ધિતપાદિ કરતાં થઇ ગયા છે. એક વ્યક્તિ તપ કરે તો ઘરના સર્વે તેની સેવામાં જોડાય. આખા કુટુંબમાં તેની અસર રહે છે.

તપાવલિના ગ્રંથોમાં અનેક પ્રકારના નાના-મોટા તપ બતાવ્યા છે. તેમાંથી આરાધકના મનમાં જે તપ બેઠો હોય તેમાં હોંશે હોંશે જોડાઇ શકે. સંઘ લેવલે જે તપની જાહેરાત થાય તેમાં સંઘના સભ્યો જોડાય છે. કોઇ તપ મોટા હોય છે, કોઇ તપ નાના હોય છે.

## તપ કરનારે ધ્યાન રાખવા જેવી વાતો

૧) અત્તરવાયણાના નામે દાબી દાબીને વાપરવું નહિ.

૨) તપની પાછળ અણહારી પદની પ્રાપ્તિ છે તે ભૂલવું નહિ. તપના બેસણામાં પણ રસની લોલુપતા (આસક્તિ, રાગ) ન થાય તેનું ધ્યાન રાખવું.

૩) તપની અંદર જે પણ વિધિ બતાવી હોય તે વિધિ વ્યવસ્થિત અને સમયસર કરવી. શક્ય હોય તો કાઉસ્સગ્ગ ઉભા ઉભા કરવો જોઇએ.

૪) તપ વડે નિર્જરા થાય છે તે વાત ભૂલવી નહિ. તપ કરવાથી કર્મની નિર્જરા થવી જોઇએ. કર્મનો બંધ થવો ન જોઇએ.

૫) ઉપવાસના પારણે કે અત્તરવાયણામાં Manu શું છે તેની તપાસ કે વાપર્યા બાદ તેની ચર્ચા ન કરવી.

૬) ખાવું પડે છે તેથી ખાઉં છું, ખાવું મારી મજબૂરી છે, મજા નથી તે ધ્યાન રાખવું.

૭) ખાવાના દ્રવ્યમાં સંક્ષેપ કરવો જોઇએ. તથા રસત્યાગ-વિગઇત્યાગ પણ શક્ય કરવો જોઇએ.

૮) વાપરતા ધન્ના અણગારને યાદ કરવા, કેવો ઉત્તમ તેનો ભાવ હશે. જેઓ વાપરતા હતાં તે આહાર કેવો હશે ? જેના ઉપર માખી પણ બેસવા ન ઇચ્છે.

૯) મુનિ વાપરતા વાપરતા ભાવના ભાવતા કેવલજ્ઞાન પામ્યા.

૧૦) તપસ્વી બીમાર નથી પડતાં પણ ગમે તે ગમે ત્યારે વાપરનાર બીમાર પડે છે તે ધ્યાન રાખવું.

૧૧) શક્ય હોય તો સંયોજના વિના વાપરવું જોઇએ.

૧૨) મોટા ફંક્શનમાં તપનો સામૂહિક પ્રોગ્રામ હોય તો થોડોક સમય બીજાને વપરાવીને પછી વાપરવા બેસવું.

૧૩) થાળી ધોઇને પીવી - લૂંછવી - એઠાં મોઢે બીજાની સાથે વાત ન કરવી.

૧૪) વાપરતા અભક્ષ્ય ન આવે તેની વિશેષ કાળજી લેવી જોઇએ.

૧૫) તપ કરીને માન-કષાય ન પોષાય તેનું ધ્યાન રાખવું. પોતાનો તપ બીજાને ન કહેવો.

૧૬) તપના પારણા હોટલ વિગેરેમાં રાખવા નહિ.

૧૭) ઘરમાં પણ અભક્ષ્ય પદાર્થો વાપરવાં અથવા બીજાને વપરાવવા નહિ. પારણામાં અભક્ષ્ય પદાર્થો વાપરવાથી કે વપરાવવાથી તપ કરવા દ્વારા થયેલી નિર્જરા, પુણ્યબંધ, તપ કરવાની શક્તિ વગેરે બધું ધોવાઇને સાફ થઇ જાય છે.